ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

શ્રીજીના આગમને જબુગામમાં ભક્તિમય માહોલ, મોટી સંખ્યામાં ભક્તો જોડાયા

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે ગણેશોત્સવ નિમિત્તે શ્રીજીની ઉત્સાહભેર સ્થાપના કરવામાં આવી હતી. જબુગામના આઝાદ ચોક ખાતે યુવક મંડળના યુવાનો દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ગણપતિ બાપાની સવારી લાવી વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. શ્રીજીની સ્થાપના પ્રસંગે યોજાયેલી આરતીમાં ગ્રામજનો તેમજ યુવક મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગણપતિ બાપાના જયઘોષ સાથે સમગ્ર વિસ્તાર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયો હતો. ગણપતિ આગમનથી લઈને સ્થાપના સુધી જબુગામ યુવક મંડળના યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

શિનોરમાં રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ બાપાને ગાયકવાડી ઝવેરાતનો શણગાર

શિનોર : શિનોર મુકામે નર્મદા નદી નાં કિનારે આવેલ અતિ પૌરાણિક રિદ્ધિ સિદ્ધિ ગણપતિ મંદિરે આજે ગણપતિ ચતુર્થી નાં દિવસે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ગાયકવાડી ઘરેણાં નો શ્રુંગાર કરાતા મોટી સંખ્યામાં ભાવીક ભક્તોએ શ્રુંગાર નાં દર્શન નો લાભ લીધો. શિનોર નર્મદા નદીના કિનારે ઉત્તર તટે શ્રી રિદ્ધિ સિદ્ધિ વિનાયક ગણપતિ બાપા નુ અતિ પ્રાચિન મંદિર આવેલ છે. આ મંદિરે શ્રી સયાજીરાવ ગાયકવાડ સરકાર દ્વારા માનતા પુરી થતા મંદિરને દોઢ કરોડ નાં સોના હીરા, માણેક ઝવેરાતનાં આભૂષણો અર્પણ કરાયા હતા.જે આભૂષણો ની બજાર કિંમત આશરે ચાર થી પાંચ કરોડ રૂપિયા થાય છે મામલતદાર હસ્તક હોય હાલ સરકારી તિજોરીમાં રાખવામાં આવેલ છે. ગણપતિ ચોથ ની આવતી કાલે તા. 15 નાં રોજ જાહેર રજા છે. પણ આજે તા. 14 નાં રોજ ગણપતિ મંદિરે ચોથ ઉજવી હોય મામલતદાર એમ. જે. બારીયા ને મંદિર નાં ધર્મદાસજી મહારાજ દ્વારા જાણ કરતા તેઓએ તાત્કાલિક સરકારી તિજોરી માંથી ઘરેણાં મંગાવી બપોરે 12 વાગ્યા ની આરતીબાદ ઘરેણાં ચઢાવ્યા હતા. ઘરેણાં લઇ એમ. જે. બારીયા મામલતદાર જાતે પોલીસ પહેરા સાથે ઘરેણાં લઇ આવ્યા હતા.

ડભોઈમાં વિવિધ મંડળો દ્વારા ડી.જે.ના તાલે વાજતે ગાજતે દૂંદાળા દેવનું પ્રસ્થાન

ડભોઈ : ડભોઇમાં જુદાજુદા ગણેશ મંડળો દ્વારા દુંદાળા દેવ, વિઘ્નહર્તા શ્રીજી નું દસ દિવસના આતિથ્ય અને મોંઘેરા મહેમાન ની સ્થાપના માટે ડી.જે.ના તાલે વાજતે ગાજતે શોભાયાત્રાઓ નીકળી હતી. જે આગમન ની તમામ શોભાયાત્રાઓ એસ.ટી. ડેપો માર રંગ ઉપવન બગીચા થી નીકળી નગર ના રાજમાર્ગો પર ફરી પોતાના પ્રસ્થાપિત વિસ્તારો માં પહોંચી હતી. ડભોઈ નગર ના જુદાજુદા વિસ્તારોના જુદાજુદા ગણેશ મંડળો દ્વારા દુંદાળા દેવ,વિઘ્નહર્તા શ્રીજી ને શ્રધ્ધા અને ભક્તિભાવ સાથે મોંઘેરા મહેમાન બનાવવા માટે આગમન ની શોભાયાત્રા સાથે વાજતે ગાજતે પોતાના વિસ્તાર માં પ્રસ્થાપિત કરવા લઈ ગયા હતા. ગણપતિ બાપ્પા મોરિયા...ના જય ઘોસ સાથે ડી.જે.ની આંખો અંજાવી દેતી લાઈટિંગ, હોલેજન, હૈયું કંપાવી દેતું મ્યુઝિક,આતશબાજી નો વધતો ટ્રેન્ડ યુવાનો ને ઘેલું લગાડી રહ્યો હોય નાચતા ગાતા ગણપતિ બાપ્પા નું આગમન કર્યું હતું.

પાદરા-વડુ પંથકમાં ગણેશોત્સવનો ભક્તિમય પ્રારંભ

પાદરા : વિવિધ ગણેશ મંડળો દ્વારા અંદાજે 160 જેટલી તેમજ અન્ય નાની ૫૦૦ જેટલી ગણેશ મૂર્તિઓની સ્થાપના; ઠેર-ઠેર 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ ગુંજ્યા. પાદરા-વડુ પંથકમાં આજથી ગણેશ મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો છે. વિઘ્નહર્તા અને મંગલમૂર્તિ ભગવાન શ્રી ગણેશજીની સ્થાપનાને લઈને પંથકના વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી તૈયારીઓ ચાલી રહી હતી. આજે ગણેશ ચતુર્થીના પાવન દિવસે વિવિધ ગણેશ યુવક મંડળો દ્વારા ઢોલ-નગારાના તાલ સાથે ગણપતિ દાદાની મૂર્તિઓને પંડાલમાં બિરાજમાન કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, પાદરા-વડુ પંથકમાં વિવિધ ગણેશ મંડળો દ્વારા અંદાજે 160 જેટલી ગણેશજીની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અનેક પરિવારો દ્વારા પણ પોતાના ઘરોમાં ગણપતિ દાદાને શ્રદ્ધાપૂર્વક બિરાજમાન કરવામાં આવ્યા છે. જેના પગલે સમગ્ર પંથકમાં આગામી દિવસો દરમિયાન ગણેશોત્સવનો માહોલ જોવા મળશે. ગણેશ મંડળો દ્વારા પોતાના મંડપોને આકર્ષક રોશની, ફૂલો, રંગબેરંગી ડેકોરેશન તેમજ વિવિધ થીમ આધારિત શણગારથી સજાવવામાં આવ્યા છે.

ટીંબાગામ પ્રાથમિક શાળામાં ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ગણેશ સ્થાપના કરવામાં આવી

કાલોલ : ગોધરા તાલુકાની ટીંબાગામ પ્રાથમિક શાળામાં ગણેશ ચતુર્થી નિમિત્તે ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના ભક્તિભાવ, શ્રદ્ધા અને ઉત્સાહના વાતાવરણમાં કરવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા શુભ મુહૂર્તે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિની વિધિવત્ સ્થાપના કરી પૂજન-અર્ચન, મંત્રોચ્ચાર અને આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગણેશજીના દર્શન કરી આરતીમાં ભાગ લીધો હતો. ગણેશ સ્થાપના પ્રસંગે વિદ્યાર્થીઓને ભગવાન શ્રી ગણેશજીના જીવન અને સ્વરૂપમાંથી જ્ઞાન, બુદ્ધિ, એકાગ્રતા, વિનમ્રતા અને સારા સંસ્કારો ગ્રહણ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. શાળામાં ભારતીય સંસ્કૃતિ અને તહેવારોનું મહત્વ સમજાવતા આવા કાર્યક્રમો દ્વારા બાળકોમાં પરંપરા, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યોનું જતન થાય તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સમગ્ર શાળા પરિસર "ગણપતિ બાપ્પા મોરિયા"ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઘરોમાં પાણી ઘૂસતાં સ્થાનિકો પરેશાન, વાહનચાલકો અને રાહદારીઓની મુશ્કેલી વધી

કરજણમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ, જનજીવન અસ્તવ્યસ્ત

સહજાનંદ સોસાયટીના અનેક ઘરોમાં પાણી ઘૂસતાં ઘરવખરીને નુકસાનની ભીતિ

(પ્રતિનિધિ) કરજણ, તા.14

કરજણ નગરમાં મેઘરાજાએ મન મૂકીને વરસતા સમગ્ર નગર જળબંબાકાર બન્યું છે. ધોધમાર વરસાદને કારણે નગરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ખાસ કરીને નવાબજાર વિસ્તારમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે.

સહજાનંદ સોસાયટીના આશરે ૧૦ થી ૧૫ જેટલા મકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં સ્થાનિકોની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થયો છે. ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરીને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, અને લોકો ચિંતિત બન્યા છે. પોતાના ઘરમાં પાણી ભરાઈ જતાં લોકો લાચાર બનીને આકાશ તરફ મીટ માંડી રહ્યા છે.

જેમાં વોર્ડ નં ૧, ૨ અને ૪ માં ભારે પાણી ફરી વળ્યાં હતા જેમાં વોર્ડ નં ૨ માં રેલવેના ગળનાડા માં ફરીવડતા હતા જે આ વખતે તંત્ર સજ્જ થઈને મશીન મૂકી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો પરંતુ હાલ મીડિયાના કેમેરામાં વાહનોના ટાયરો સુંધી પાણી જોવા મળ્યા હતા.

આ ભારે વરસાદે કરજણ નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. દર વર્ષે ચોમાસા પહેલા ગટર સફાઈ અને પાણી નિકાલની વ્યવસ્થા સુધારવાના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ આજના દ્રશ્યો દર્શાવે છે કે આ દાવાઓ માત્ર કાગળ પર જ રહ્યા છે. નગરના જાહેર માર્ગો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, નગરપાલિકા દ્વારા પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી, જેના પરિણામે દર વર્ષે ચોમાસામાં આવી જ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ વખતે પણ ભારે વરસાદે પાલિકાની બેદરકારીને ઉજાગર કરી છે. તાત્કાલિક ધોરણે પાણી નિકાલની વ્યવસ્થા કરવામાં આવે અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે નક્કર પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

ગણેશ મહોત્સવના પ્રારંભ સાથે પાદરા-વડુ પંથકમાં મેઘરાજાની પધરામણી

(પ્રતિનિધિ) પાદરા, તા.14

પાદરા-વડુ પંથકમાં એક તરફ વિઘ્નહર્તા ગણપતિ દાદાની સ્થાપના સાથે ગણેશ મહોત્સવનો ભક્તિમય પ્રારંભ થયો છે, ત્યારે બીજી તરફ મેઘરાજાએ પણ પધરામણી કરી સમગ્ર પંથકને વરસાદી રંગે રંગી દીધો હતો. વહેલી સવારે અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતાં ગણેશ મહોત્સવની ઉજવણી વચ્ચે સમગ્ર પંથકમાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો. સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળોના ગોટેગોટા છવાયેલા જોવા મળ્યા હતા. વાતાવરણમાં પલટો આવ્યા બાદ વહેલી સવારે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પાણીથી તરબોળ થઈ ગયા હતા. શરૂઆતમાં જોરદાર વરસાદ પડ્યા બાદ દિવસ દરમિયાન ધીમીધારે વરસાદ વરસતો રહ્યો હતો. વરસાદી માહોલના કારણે પંથકમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમી અને ઉકળાટમાંથી પણ રાહત મળી હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ રાહતના સમાચાર લઈને આવ્યો છે. વરસાદ ખેંચાતા ખેતરોમાં ઉભા પાકને પાણીની જરૂરિયાત વર્તાઈ રહી હતી.

સંજેલી તાલુકામાં MGVCLની સબ-ડિવિઝન કચેરીની પ્રબળ માંગ

(પ્રતિનિધી) સંજેલી, તા.14

સંજેલી તાલુકો અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષો વીતી ગયા હોવા છતાં તાલુકાના વીજ ગ્રાહકોની સુવિધા માટે MGVCLની સબ-ડિવિઝન કચેરી સંજેલી ખાતે શરૂ કરવામાં આવી નથી. તાલુકામાં આશરે 60 ગામડાં, 29 હજાર જેટલા વીજ ગ્રાહકો, 3 સબ-સ્ટેશન અને 10 ફીડર કાર્યરત હોવા છતાં વીજ વિભાગની મહત્વની કામગીરી માટે લોકોને હજુ પણ ઝાલોદ સુધી જવું પડતું હોવાથી સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સંજેલી તાલુકાના વિસ્તાર અને વીજ ગ્રાહકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને સંજેલી ખાતે જ MGVCLની સબ-ડિવિઝન કચેરી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

બે કલાકની ગભરાટભરી સ્થિતિ બાદ પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો

કરજણમાં બે વર્ષના બાળકનું સફળ રેસ્ક્યુ: ફાયર વિભાગની ત્વરિત કાર્યવાહી

બે કલાકથી વધુ સમય સુધી રૂમમાં ફસાયેલા માસૂમને દરવાજાનું લોક તોડી સહીસલામત બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) કરજણ, તા.14

આજરોજ કરજણના નવાબજાર સ્થિત પંચવટી સોસાયટીમાં એક હૃદયદ્રાવક ઘટનાએ સ્થાનિકોમાં ચિંતા જગાવી હતી, પરંતુ કરજણ ફાયર વિભાગની ત્વરિત અને કુશળ કાર્યવાહીને કારણે તેનો સુખદ અંત આવ્યો. બપોરના આશરે ૦૪:૦૦ વાગ્યાના સુમારે, એક બે વર્ષનું માસૂમ બાળક અકસ્માતવશ પોતાના રૂમમાં પૂરાઈ ગયું હોવાની જાણ ફાયર વિભાગને થઈ. બાળક બે કલાકથી પણ વધુ સમયથી રૂમમાં ફસાયેલું હોવાથી પરિવારજનો અને આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

માહિતી મળતાની સાથે જ, કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સમયની ગંભીરતાને પારખીને, ફાયરકર્મીઓએ કોઈ પણ વિલંબ કર્યા વિના ઇમરજન્સી રેસ્ક્યુ ટૂલ્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. તેમની કુશળતા અને અનુભવનો પરિચય આપતા, ટીમે અત્યંત સાવચેતીપૂર્વક દરવાજાનું અંદરનું લોક તોડી નાખ્યું.

આ ઓપરેશન દરમિયાન, ફાયર વિભાગના જવાનોએ માત્ર દરવાજો ખોલવાનું જ નહીં, પરંતુ બાળકની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું પણ પ્રાથમિકતા આપી હતી. થોડી જ ક્ષણોમાં, ટીમે બાળકને સહીસલામત રીતે રૂમમાંથી બહાર કાઢ્યું. આ દ્રશ્ય જોઈને પરિવારજનો અને ઉપસ્થિત સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

ચાર વર્ષથી સજા વોરંટમાં નાસતો આરોપી અમદાવાદથી ઝડપાયો

'ઓપરેશન પરાક્રમ' હેઠળ વડોદરા ગ્રામ્ય પેરોલ ફર્લો સ્ક્વોડની કાર્યવાહી

(પ્રતિનિધિ) શિનોર, તા. 14

ઓપરેશન પરાક્રમ અંતર્ગત છેલ્લા 4 વર્ષથી સજા સજા વોરંટ ના કામે નાસ્તા ફરતા વોન્ટેડ આરોપીને વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોર્ડ ની ટીમે અમદાવાદ શહેર ખાતેથી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડી. મે.જી.ફ.ક.કોર્ટ શિનોર નાઓના ક્રિમીનલ કેસ નંબર 203 / 2016 ના કામના આરોપી ગફુરભાઈ મહંમદભાઈ રાઠોડ રહે.સાધલી, તાલુકો - શિનોર, જિલ્લો - વડોદરા ને ધી.નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ - 138 મુજબ ના શિક્ષાપત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષ ની સાદી કેદ ની સજા અને તથા હુકમ ની બે માસ ની મુદતમાં આ કામના ફરિયાદીને ચેક ની રકમ રૂપિયા 9,75,000 ની દોઢી રકમ રૂપિયા 14,62,500 સી.આર. પી.સી.કલમ 357 (3) મુજબ વળતર રૂપે ચૂકવવા તથા તે રકમ ચૂકવવામાં ન આવે તો વધુ 6 માસ ની સાદી કેદ ની સજા ભોગવવા તા.7.5.2026 ના રોજ કોર્ટ દ્વારા હુકમ કરેલ છે.

એસટી ક્રેડિટ સોસાયટી ચૂંટણીમાં મજૂર મહાજન યુનિયનનો વિજય

શંખ નિશાનવાળી ૧, ૨ અને ૩ નંબરની પેનલનો દબદબો

(પ્રતિનિધિ) પાદરા, તા. 14

10 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાયેલી વડોદરા એસટી વિભાગની ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં મજૂર મહાજન યુનિયને શાનદાર પ્રદર્શન કરી ભવ્ય વિજય મેળવ્યો હતો. કર્મચારી યુનિયન અને BMSએ સંયુક્ત પેનલ બનાવી ચૂંટણી લડી હતી, જ્યારે મજૂર મહાજન યુનિયને એકલા હાથે મેદાનમાં ઉતરી સફળતા મેળવી હતી.

પાદરા ડેપોમાં પણ મજૂર મહાજન યુનિયનનો દબદબો પાદરા એસટી ડેપોમાં મજૂર મહાજન યુનિયનના ઉમેદવાર મુકેશસિંહ ઉદેસિંહ જાદવે 130માંથી 88 મત મેળવી વિજય હાંસલ કર્યો હતો. પરિણામ જાહેર થતાં યુનિયનના આગેવાનો અને કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

કર્મચારીઓના વિશ્વાસનો વિજય : યુનિયન શંખ નિશાનવાળી 1, 2 અને 3 નંબરની પેનલના વિજય બાદ આગેવાનોએ જણાવ્યું હતું કે આ સફળતા કર્મચારીઓએ યુનિયન પર મૂકેલા વિશ્વાસનું પરિણામ છે. આગામી સમયમાં કર્મચારીઓના હક્કો, પ્રશ્નો અને કલ્યાણના મુદ્દાઓને પ્રાથમિકતા આપવાની ખાતરી વ્યક્ત કરવામાં આવી હતી.

ગોવિંદપુરાથી નીકળેલી યાત્રા નગરમાં આકર્ષણનું કેન્દ્ર બની

પાદરા પોલીસ દ્વારા "સાયબર ગણેશ ૨૦૨૬"ની ભવ્ય આગમન યાત્રા

ભક્તિ સાથે સાયબર સુરક્ષાનો સંકલ્પ, પોલીસ સ્ટાફ અને પરિવારજનો યાત્રામાં જોડાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.14

પાદરા પોલીસ સ્ટેશન દ્વારા પ્રથમવાર શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ અંતર્ગત ગણેશજીની આગમન યાત્રા પાદરા નગરમાં કાઢવામાં આવી હતી. પાદરા સાયબર ગણેશ 2026 - ભક્તિ સાથે સાયબર સુરક્ષાનો સંકલ્પ ના સંદેશ સાથે યોજાયેલી આ આગમન યાત્રા ગોવિંદપુરાથી શરૂ થઈ પાદરા પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી. જે ભારે આકર્ષણ નું કેન્દ્ર બની હતી.

આગમન યાત્રામાં પાદરા પોલીસ સ્ટેશન પી.આઈ. પી.વી.ગોહિલ, પી.એસ.આઈ સહીત પોલીસ સ્ટાફ, પોલીસ જવાનો તેમજ તેમના પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગણેશજીના આગમનના ઉત્સાહમાં સૌએ ડીજેના તાલે ઝૂમીને તેમજ ગરબે ઘૂમીને ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું.

આ પ્રસંગે ધાર્મિક આસ્થા સાથે લોકોને સાયબર ગુનાઓથી સાવચેત રહેવા અને ઓનલાઈન છેતરપિંડી સામે જાગૃત રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ગણેશ મહોત્સવને સાયબર જાગૃતિ સાથે જોડીને પાદરા પોલીસ દ્વારા કરાયેલ આ અનોખી પહેલને લોકોમાં પણ આવકાર મળ્યો હતો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેસર શો-મહાઆરતીના સમયમાં ફેરફાર

(પ્રતિનિધી) વડોદરા, તા.14

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રતિદિન સાંજના પ્રોજેક્શન મેપિંગ (લેસર શો) દર્શાવવામાં આવે છે. હાલમાં દિવસ ક્રમશઃ ટૂંકો થતો જાય છે, જેના કારણે સાંજના 7:30 કલાકે પ્રોજેક્શન મેપિંગ (લેસર શો) દર્શાવવા માટે અનુકૂળ સમય હોય જેથી આ શોનો સમય સાંજે 7:30 કલાકનો રાખવા તેમજ નર્મદા મહાઆરતીનો સમય સાંજે 6:45 કલાકનો રાખવો યોગ્ય જણાયેલ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી દ્વારા, તારીખ 15/09/2026, મંગલવારના રોજથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પર દર્શાવવામાં આવતા પ્રોજેક્શન મેપિંગ (લેસર શો)નો સમય સાંજના 7:45 કલાકથી બદલીને સાંજના 7:30 કલાકનો રાખવામાં આવેલ છે.

ગાય આધારિત ખેતીથી હળદરનું ઉત્પાદન કરી આગવી ઓળખ બનાવી

ચલામલીના પ્રાકૃતિક ખેડૂત જયેશભાઈ ભગતને 'ભૂમિરત્ન' એવોર્ડ

હળદરની પ્રાકૃતિક ખેતી અને સીધા વેચાણથી મેળવી સારી આવક, શ્રેષ્ઠ ખેડૂત તરીકે પસંદગી

(પ્રતિનિધિ) બોડેલી, તા.14

ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા 15મા એગ્રી એશિયા કોન્ક્લેવમાં ભારતભરમાંથી અંદાજે ત્રણ લાખ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. એશિયાના મોટા કૃષિ પ્રદર્શનોમાં સ્થાન ધરાવતા આ એક્ઝિબિશનમાં ખેડૂતોને આધુનિક અને નવીન કૃષિ ટેક્નોલોજી, ખાતર, બિયારણ, પેસ્ટીસાઈડ્સ તેમજ ખેતીમાં ઉપયોગી આધુનિક યાંત્રિક સાધનો અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ સ્ટોલ અને નિદર્શનના માધ્યમથી ખેડૂતોને ખેતીમાં નવી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વધુ વેગ આપવા માટે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું નોમિનેશન અને રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ખેતી ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા ખેડૂતોની કામગીરીનું મૂલ્યાંકન કરી વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ ખેડૂતોની પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ખેડૂતોને તેમની કામગીરી અને પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે આપેલા યોગદાન બદલ 'ભૂમિરત્ન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આમાં છોટાઉદેપુર જિલ્લાના ચલામલી ગામના પ્રાકૃતિક ખેડૂત જયેશભાઈ ભગતની પણ પસંદગી થઈ હતી. જયેશભાઈ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી હળદરની વિવિધ જાતોનું વાવેતર કરે છે. તેઓ ખેતીમાં કુદરતી પદ્ધતિઓનો ઉપયોગ કરીને હળદરનું ઉત્પાદન કરી તેની પ્રાકૃતિક પ્રોડક્ટ તૈયાર કરે છે અને તેને સીધી ગ્રાહકો સુધી પહોંચાડી રહ્યા છે. આ કામગીરીથી તેઓ પ્રાકૃતિક ખેતી સાથે સારી આવક પણ મેળવી રહ્યા છે.

પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ જયેશભાઈ ભગતને ગુજરાતના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે 'ભૂમિરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. એવોર્ડ પ્રાપ્ત થયા બાદ જયેશભાઈએ કૃષિમંત્રી તેમજ એગ્રી એશિયાના આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

બોડેલી-હાલોલ હાઈવે પર પીકઅપ ડિવાઈડર પર ચઢી

અલીપુરા ડેપો નજીક અકસ્માત; થોડા સમય પહેલાં કાર પણ ડિવાઇડર પર ચઢી હતી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 14

બોડેલીથી હાલોલ તરફ જતી પીકઅપ ગાડીનો આજે સાંજના સમયે બોડેલી અલીપુરા ડેપો નજીક અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, બોડેલી-હાલોલ હાઈવે પર પસાર થતી પીકઅપ ગાડી અચાનક ડિવાઈડર પર ચઢી જતા અકસ્માત સર્જાયો હતો.

અકસ્મતમાં પીકઅપ ડિવાઈડર પર ફસાઈ જતા તેને બહાર કાઢવા માટે સ્થાનિક લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. લોકોએ ધક્કા મારી તેમજ ટોઈંગની મદદથી ગાડીને રસ્તા પરથી બહાર કાઢી હતી. મહત્વનું છે કે આ જ વિસ્તારમાં થોડા સમય અગાઉ પણ એક કાર ડિવાઈડર પર ચઢી જતા અકસ્માત સર્જાયો હતો અને કારને ભારે નુકસાન થયું હતું. હાઈવે પર વારંવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતા વાહનચાલકોમાં ચિંતા જોવા મળી રહી છે.

વારંવાર બનતા અકસ્માતોને અટકાવવા સંબંધિત તંત્ર દ્વારા વહેલી તકે પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ છે.કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.